| GJRJ180005372021 | RECEIVED ON | 23-09-2021 |
|---|---|---|
| | REGISTERED ON | 23-09-2021 |
| | DECIDED ON | 28-10-2025 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 05 01 04 |

**રાજકોટ જિલ્લાની ત્રીજી મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુ.રાજકોટ .**

**રેફરન્સ(એલ.સી.આર.) નં.–૨૯/૨૦૨૧**

**આંક–૩૪**

**પ્રથમ પક્ષકાર:–** શ્રી કાર્યપાલક ઈજનેર,
વિદ્યુત (માર્ગ અને મકાન વિભાગ)
હે.સીએલએફ બંગલા નં.–૫, ડો.યાજ્ઞીક રોડ,
રાજકોટ.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર:–** મકસલ અઝીમ સૈયદ,
રહે. હુશેની ચોક, જંગલેશ્વર શેરી નં.–૩,
દિવાન સાયકલ સ્ટોરવાળી ગલીમા,
રાજકોટ.

**હાજર રહયા :–** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એ.એસ.ગોગીયા
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી વી.ડી.મહેતા. (નિવૃત)

**–:: એવોર્ડ ::–**

**(૧)** સદર રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટના હુકમ ક્રમાંક: કે.એચ.એસ/ એચ.એમ.સી./આર.એ.જે./૧૦/૨૦૨૧ આર.ટી. તા.૦૬/૦૯/૨૦૨૧ થી બીજા પક્ષકાર મકસલ અઝીમ સૈયદને તા.૦૧/૦૫/૨૦૨૦ થી કોઈ પણ જાતના વાંક ગુના કે કસુર વગર નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. તેથી પડેલા રોજના તમામ પગાર તથા આનુષાંગીક લાભો ભરપાઈ કરી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કચેરીને તબદીલ કરવામાં આવેલો છે.

**(૨)** રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ આ કામે બીજા પક્ષકારને નોટીસ બજતા તેઓ તરફે એડવોકેટશ્રી હાજર થયેલ ત્યારબાદ આંક–૦૫ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકારના અન્ડરમાં રોજમદાર તરીકે તા.૧૫/૧૧/૨૦૧૬ થી સતત અને સળંગ નોકરી છેલ્લે માસિક રૂા.૧૧,૦૦૦/– થી કરતા હતા. તેઓને લઘુતમ વેતનથી ઓછો પગાર આપવામાં આવતો હતો, તેમને હાજરી કાર્ડ પગાર પત્રિકા આપવામાં આવતી ન હતી અને બોનસની રકમ માંગવા છતાં આપતા ન

હતા તેઓને તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી કોઈ પણ જાતના વાંક ગુના વિના અને વ્યાજબી કારણ સિવાય મૌખીક હુકમથી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે. તેઓને છુટા કરતા સમયે નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ કે અન્ય કોઈ હકક હિસ્સા આપવામાં આવેલા નથી. પ્રથમ પક્ષકારે તેમના જેવા ચોથા વર્ગના કામદારોને તા.૧૭/૧૦/૧૯૮૮ ના ઠરાવનો લાભ આપી પગાર ગ્રેડ આપેલ છે જયારે તેમને લાભ આપવાના બદલે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. પ્રથમ પક્ષકારે છુટા કર્યા ત્યારે કોઈ સિન્યોરીટી લિસ્ટ બતાવેલ નહી કે પ્રસિધ્ધ કરેલ નહી અને તેમણે છુટા કર્યા પછી તેમની જગ્યાએ નવા કામદારને કામ પર ચાલુ રાખેલા છે. તેઓને છુટા કર્યા ત્યારે તેમનાથી જુનીયરને પ્રથમ પક્ષકારે નોકરીમાં ચાલુ રાખેલા છે જેથી પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને ગેર વ્યાજબી ઠરાજી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

(૩) પ્રથમ પક્ષકારે આંક–૧૦ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારને કદાચ આઉટસોર્સ મારફતે જે તે એજન્સીએ કામ પર પટ્ટાવાળાની કામગીરી માટે રાખેલા હોઈ શકે છે. બીજા પક્ષકાર કયારેય રોજમદાર શ્રેણીના કર્મચારીની વ્યાખ્યામાં ફરજ પર ન હતા. તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ બાદ કોઈ પણ રોજમદાર કર્મચારીની ભરતી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો છે. જેથી ૨૦૧૬ માં તેઓને કામ પર પ્રથમ પક્ષકાર કચેરીએ રાખેલ હોઈ શકે નહી, કચેરીમાં જરૂરીયાત મુજબ જે તે સંવર્ગ ના કર્મચારીઓની આઉટસોર્સ મુજબ સેવાઓ લેવામાં આવે છે અને જરૂરીયાત પુર્ણ થતા આ કર્મચારીને છુટા કરવાની કાર્યવાહી આઉટસોર્સના ટેન્ડરના ભાગ રૂપેની પ્રક્રિયા છે. જેથી બીજા પક્ષકાર તેમના કામદાર ન હોઈ રેફરન્સ રદ કરવો જોઈએ.

(૪) બીજા પક્ષકાર તરફે આંક–૧૧ ના લિસ્ટથી નિ.–૧૧/૧ થી નિ.–૧૧/૮ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગતો | તારીખ | ઝેરોક્ષ/અસલ |
|---|---|---|---|
| ૧ | અરજદારે સામાવાળાને આપેલ ડિમાન્ડ નોટીસ | ૧૨/૧૧/૨૦૨૦ | નકલ |
| ૨ | સામાવાળાએ અરજદારને આપેલ દાખલો | ૦૭/૦૯/૨૦૧૭ | ખરી નકલ |
| ૩ | સામાવાળાએ અરજદારને આપેલ દાખલો | ૦૭/૦૯/૨૦૧૭ | ખરી નકલ |
| ૪ | અરજદારને સામાવાળાએ આપેલ ઓળખકાર્ડ | –––– | ખરી નકલ |
| ૫ | અરજદારની બેંક પાસબુકની પ્રથમ પેઈઝ કે જેમાં એડ્રેસ સામાવાળાનું દર્શાવેલ છે તે | –––– | ખરી નકલ |
| ૬ | અરજદારનું નામ સમાવિષ્ટ થાય તેનું હાજરી પત્રક | નવે–૧૬ થી | ઝેરોક્ષ |

| | | | |
|---|---|---|---|
| | | ડિસે–૧૬ સુધી | |
| ૭ | અરજદારનું નામ સમાવિષ્ટ થાય તેનું હાજરી પત્રક | જાન્યુ–૧૭ થી ડિસે–૧૮ સુધી | ઝેરોક્ષ |
| ૮ | અરજદારનું નામ સમાવિષ્ટ થાય તેનું હાજરી પત્રક | જાન્યુ–૧૯ થી ડિસે–૧૯ સુધી | ઝેરોક્ષ |

(૫) બીજા પક્ષકાર તરફે આંક–૧૩ ની અરજી રજુ કરી તા.૧૫/૧૧/૨૦૧૬ થી તા.૦૧/૦૫/૨૦૨૦ સુધીના હાજરી પત્રક અને પગાર પત્રક તેમજ તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજ બીજા પક્ષકારને છુટા કર્યા તે સમયનું સીનીયોરીટી લિસ્ટ પ્રથમ પક્ષકાર રજુ કરે તે માટે દાદ માંગતી અરજી આપવામાં આવેલી જેમાં મારા પુરોગામીશ્રીએ તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ હુકમ કરી પ્રથમ પક્ષકારને સદર દસ્તાવેજો રજુ કરવા હુકમ કરેલો છે. તે મુજબ પ્રથમ પક્ષકારે આંક–૧૫ ના લિસ્ટથી મે–૨૦૧૬, ઓગષ્ટ–૨૦૧૭, જાન્યુઆરી–૨૦૧૯ ના પગાર બીલ અને જાન્યુઆરી–૨૦૧૯, જુલાઈ–૨૦૧૯ અને મે–૨૦૨૦ ના હાજરી પત્રક ની નકલ તેમજ તા.૦૧/૦૫/૨૦ ના રોજના સીનીયોરીટી લિસ્ટની નકલ રજુ કરેલી છે.

(૬) બીજા પક્ષકારે આંક–૧૮ ના લિસ્ટથી નિ.–૧૮/૧ અને ૧૮/૨ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગતો | તારીખ | ઝેરોક્ષ/અસલ |
|---|---|---|---|
| ૧ | ઈલેકટ્રીક બીલ, જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૧૪ નું | ---- | ઝેરોક્ષ |
| ૨ | અરજદારનું એમ્પલોયમેન્ટ રજીસ્ટ્રેશન કાર્ડ | ---- | ઝેરોક્ષ |

(૭) બીજા પક્ષકારે આંક–૧૬ થી એફીડેવીટ ઉપર જુબાની આપેલી છે. તેઓની પ્રથમ પક્ષકાર તરફે થોડી ઉલટ થયા બાદ વધુ ઉલટ માટે તેઓ હાજર ન રહેતા આંક–૨૪ હેઠળ હુકમ કરી તેમનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૮) પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૩ ના દસ્તાવેજોના હુકમ અંગે આંક–૨૦ થી સોગંદનામુ રજુ કરવામાં આવેલું છે. આંક–૨૧ ના લિસ્ટ થી પ્રથમ પક્ષકારે જાન્યુઆરી–૨૦ થી ડિસેમ્બર–૨૧ ના હાજરીપત્રકની ખરી નકલ અને તા.૦૧/૦૬/૧૭ ની સ્થિતિએ સીનીયોરીટી લિસ્ટની નકલ રજુ કરેલી છે.

(૯) બીજા પક્ષકાર તરફે આંક–૨૨ ની અરજી રજુ કરી તેઓએ તેમના એડવોકેટ શ્રી

વી.ડી.મહેતાને તેમના કેસમાંથી છુટા કરેલા છે અને તેઓને મુદતની જાણ છે તેમ જણાવેલું છે. ત્યારબાદ બીજા પક્ષકાર હાજર ન રહેતા આંક–૨૩ ની નોટીસ બીજા પક્ષકારને મોકલવામાં આવેલી છે.

(૧૦) પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૫ ના લિસ્ટ થી નિ.–૨૫ /૧ થી નિ.–૨૫/૯ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગતો | તારીખ | ફરદ | ખરી નકલ |
|---|---|---|---|---|
| ૧ | ડી.ઓ. મશીન કોર્પોરેશન ધ્વારા કા.ઈ. વિદ્યુત માર્ગ અને મકાન વિભાગને લખેલ પત્ર. | ૨૩/૧૦/૨૦૨૪ | ૦૧ | સ્વપ્રમાણીત નકલ |
| ૨ | હિન્દુસ્તાન ઈલેકટ્રીક કંપની ધ્વારા કા.ઈ.વિદ્યુત માર્ગ અને મકાન વિભાગને લખેલ પત્ર. | ૨૩/૧૦/૨૦૨૪ | ૦૧ | સ્વપ્રમાણીત નકલ |
| ૩ | આઉટ સોર્સીંગ એજન્સી મે. ડીઓ મશીન કોર્પોરેશનને આપેલ વર્ક ઓર્ડરની પ્રમાણીત નકલ સામેલ છે. (૨૦૧૭–૧૮) | ૦૯/૧૧/૨૦૧૭ | ૦૬ | સ્વપ્રમાણીત નકલ |
| ૪ | આઉટ સોર્સીંગ એજન્સી મે. હિન્દુસ્તાન ઈલેકટ્રીક કંપની રાજકોટને આપેલ વર્ક ઓર્ડરની પ્રમાણીત નકલ સામેલ છે. (૨૦૧૯–૨૦) | ૨૦/૧૧/૨૦૧૯ | ૨૨ | સ્વપ્રમાણીત નકલ |
| ૫ | બેંક સ્ટેટમેન્ટ તથા પગાર બીલ | માર્ચ–૧૦ તથા મે–૧૯ | ૨૧ | સ્વપ્રમાણીત નકલ |
| ૬ | હાજરી પત્રક (ટુ કોપી) | ૦૧/૦૧/૨૦ થી ૩૧/૧૨/૨૦ | ૧૩ | સ્વપ્રમાણીત નકલ |
| ૭ | હાજરી પત્રક (ટુ કોપી) | ૦૧/૦૧/૨૧ થી ૩૧/૧૨/૨૧ | ૧૩ | સ્વપ્રમાણીત નકલ |
| ૮ | તિજોરી પગાર બીલ ૨૦૨૦ પ્રમાણીત નકલ સામેલ છે. માહે–૦૪ થી ડિસેમ્બર–૧૨ ૨૦૨૦ | ૦૧/૦૪/૨૦ થી ૩૧/૧૨/૨૦ | ૧૯૯ | બેંક સ્ટેટમેન્ટ તથા તિજોરી પગાર બીલની સ્વપ્રમાણીત નકલ |
| ૯ | તિજોરી પગાર બીલ ૨૦૨૧ પ્રમાણીત | ૦૧/૦૪/૨૧ થી | ૧૩૮ | બેંક સ્ટેટમેન્ટ તથા |

| | | | | |
|---|---|---|---|---|
| | નકલ સામેલ છે. માહે–૦૪ થી ડિસેમ્બર–૧૨ ૨૦૨૧ | ૩૧/૧૨/૨૧ | | તિજોરી પગાર બીલની સ્વપ્રમાણીત નકલ |

**(૧૧)** પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ થી ધીરજલાલ દુદાભાઈ શેખલીયાએ એફિડેવીટ ઉપર જુબાની આપેલી છે. તેઓની ઉલટ તપાસ માટે બીજા પક્ષકાર હાજર ન રહેતા આંક–૩૦ હેઠળ હુકમ કરી તેમનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલો છે.

આંક–૩૧ ની પુરસીસથી પ્રથમ પક્ષકારે તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૧૨)** બીજા પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર ન રહેતા આંક–૩૨ હેઠળ હુકમ કરી તેમનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

**(૧૩)** પ્રથમ પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી એ.એસ.ગોગીયાએ મૌખીક દલીલો કરેલી છે.

**(૧૪)** દલીલો ધ્યાને લીધી. કેસનું રેકર્ડનું વંચાણે લીધું. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :મુદ્દા :–**

**(૧)** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓ અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલિકના સંબંધ હતા?

**(૨)** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓની પ્રથમ પક્ષકારે તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી ગેરકાયદેસર છટણી કરેલી છે?

**(૩)** શું બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

**(૪)** શું હુકમ?

**(૧૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.
**(૨)** નકારમાં.
**(૩)** નકારમાં.
**(૪)** આખરી હુકમ મુજબ.

**(૧૬)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે રેકર્ડ જોતાં બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકારના અન્ડરમાં રોજમદાર તરીકે તા.૧૫/૧૧/૨૦૧૬ થી સતત અને સળંગ નોકરી છેલ્લે માસિક રૂા.૧૧,૦૦૦/– થી કરતા હતા. તેઓને લઘુતમ વેતનથી ઓછો પગાર આપવામાં આવતો હતો, તેમને હાજરી કાર્ડ પગાર પત્રિકા આપવામાં આવતી ન હતી અને બોનસની રકમ માંગવા છતાં આપતા ન હતા તેઓને તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજથી કોઈ પણ જાતના વાંક ગુના વિના અને વ્યાજબી કારણ સિવાય મૌખીક હુકમથી ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે. તેઓને છુટા કરતા સમયે નોટીસ કે નોટીસ પગાર તેમજ બેકારી ભથ્થુ કે અન્ય કોઈ હકક હિસ્સા આપવામાં આવેલા નથી. પ્રથમ પક્ષકારે તેમના જેવા ચોથા વર્ગના કામદારોને તા.૧૭/૧૦/૧૯ ૮૮ ના ઠરાવનો લાભ આપી પગાર ગ્રેડ આપેલ છે જયારે તેમને લાભ આપવાના બદલે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. પ્રથમ પક્ષકારે છુટા કર્યા ત્યારે કોઈ સિન્યોરીટી લિસ્ટ બતાવેલ નહી કે પ્રસિઘ્ધ કરેલ નહી અને તેમણે છુટા કર્યા પછી તેમની જગ્યાએ નવા કામદારને કામ પર ચાલુ રાખેલા છે. તેઓને છુટા કર્યા ત્યારે તેમનાથી જુનીયરને પ્રથમ પક્ષકારે નોકરીમાં ચાલુ રાખેલા છે જેથી પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને ગેર વ્યાજબી ઠરાજી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકારને કદાચ આઉટસોર્સ મારફતે જે તે એજન્સીએ કામ પર પટ્ટાવાળાની કામગીરી માટે રાખેલા હોઈ શકે છે. બીજા પક્ષકાર કયારેય રોજમદાર શ્રેણીના કર્મચારીની વ્યાખ્યામાં ફરજ પર ન હતા. તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ બાદ કોઈ પણ રોજમદાર કર્મચારીની ભરતી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો છે. જેથી ૨૦૧૬ માં તેઓને કામ પર પ્રથમ પક્ષકાર કચેરીએ રાખેલ હોઈ શકે નહી, કચેરીમાં જરૂરીયાત મુજબ જે તે સંવર્ગ ના કર્મચારીઓની આઉટસોર્સ મુજબ સેવાઓ લેવામાં આવે છે અને જરૂરીયાત પુર્ણ થતા આ કર્મચારીને છુટા કરવાની કાર્યવાહી આઉટસોર્સના ટેન્ડરના ભાગ રૂપેની પ્રક્રિયા છે. જેથી બીજા પક્ષકાર તેમના કામદાર ન હોઈ રેફરન્સ રદ કરવો જોઈએ.

**(બી)** પક્ષકારોની ઉપરોકત રજુઆત ઘ્યાને રાખી રેકર્ડ જોઈએ તો આ કામે પ્રથમ પક્ષકારનો મુખ્ય બચાવ તેઓના કામદાર ન હતા પણ બીજા પક્ષકારે કોન્ટ્રાકટરના આઉટસોર્સના કામદાર તરીકે કામગીરી કરેલી હોય શકે છે તેમ જણાવેલું છે. જેથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલીકના સંબંધ હતા કે કેમ? તે પ્રથમ નકકી કરવું જરૂરી બને છે. આ કામે બીજા પક્ષકારે તેઓની રજુઆતના સમર્થનમાં આંક–૧૧ ના લિસ્ટથી નિ.–૧૧/૬ થી નિ.–૧૧/૮ થી નવેમ્બર –૨૦૧૬ થી ડિસેમ્બર–૨૦૧૯ સુધીના હાજરી પત્રકની ઝેરોક્ષ રજુ કરેલી છે જેમાં બીજા પક્ષકારનું નામ પટ્ટાવાળા તરીકે દર્શાવવામાં આવેલું છે અને તેમની હાજરી દર્શાવવામાં આવેલી છે. પ્રથમ પક્ષકાર ઘ્વારા સદર દસ્તાવેજો બીજા પક્ષકારે ખોટા ઉભા કરેલા હોવાનું જણાવેલું છે અને બીજા પક્ષકારે હાજરી પત્રકની ઝેરોક્ષમાં ચેડા કરી પોતાનું નામ ઉમેરેલું છે તેમ જણાવેલું છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર તેમના કામદાર ન હતા અને બીજા પક્ષકારને તેમણે કોઈ પગાર

ચુકવેલ નથી તેવું દર્શાવવા માટે આંક–૨૫ ના લિસ્ટથી નિ.–૨૫/૩ થી આઉટસોર્સિંગ એજન્સી મે. ડીઓ મશીન કોર્પોરેશનને તા.૦૯/૧૧/૨૦૧૭ થી તા.૧૬/૧૧/૨૦૧૬ ના રોજ લખેલા પત્રો તથા આઉટસોર્સિંગ એજન્સીએ બે પટ્ટાવાળાના તા.૦૧/૧૨/૨૦૧૬ થી તા.૩૧/૧૨/ ૨૦૧૬ ના સમયગાળાના મહેનતાણાં માટેના મુકેલા બીલની નકલ રજુ કરેલી છે. નિ.–૨૫/૪ થી પ્રથમ પક્ષકારે આઉટસોર્સિંગ એજન્સી મે.હિન્દુસ્તાન ઈલેકટ્રીક કંપનીને કલાર્કની જગ્યા માટેની કામગીરી ટેન્ડરથી આપેલ તે બાબતમાં પત્ર લખેલો છે તે રજુ કરેલ છે અને અન્ય ટેન્ડર અંગેના દસ્તાવેજો રજુ કરેલા છે. નિ.–૨૫/૫ થી માર્ચ–૨૦૧૯ થી મે–૨૦૧૯ ના પગાર બીલ અને તેની સાથે સામેલ ચેકના લિસ્ટને જોતા તેમાં કયાંય આ કામના બીજા પક્ષકારનું નામ નથી. નિ.–૨૫/૬ થી નિ.–૨૫/૭ થી તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ ના હાજરી પત્રકની ખરી નકલ પ્રથમ પક્ષકારે રજુ કરેલા છે જેમાં કયાંય આ કામના બીજા પક્ષકારનું નામ નથી. બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકારે તા.૦૧/૦૫/૨૦૨૦ થી છુટા કરેલ હોવાનું જણાવેલું છે તે જોતા જાન્યુઆરી–૨૦૨૦ થી એપ્રીલ–૨૦૨૦ સુધીના સમયગાળાામાં તેઓની હાજરી પત્રકમાં હાજરી હોય, પણ રજુ થયેલ પત્રકમાં કયાંક બીજા પક્ષકારની હાજરી નથી. બીજા પક્ષકારે આ કામે આંક–૧૬ થી એફીડેવીટ ઉપર જુબાની આપેલી તેઓની થયેલ ઉલટ તપાસમાં સામાવાળા સંસ્થામાં ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી તેઓએ કામ કરેલ છે તે બતાવતો આધાર તેમની પાસે નથી તે વાત ખરી નહી હોવાનું જણાવી તેમની પાસે હાજરી છે તેટલું જણાવી નિ.–૧૫/૧ થી રજુ થયેલ પગાર બિલમાં રોજમદાર દિનેશ કાનજીભાઈ સિંઘવને પગાર ચુકવ્યાની વિગત દર્શાવેલ છે તેમાં રોજમદાર તરીકે તેમનું નામ નથી તે વાત ખરી હોવાનું બીજા પક્ષકારે જણાવેલું છે. નિ.–૧૧/૬ થી નિ.–૧૧/૮ ના હાજરી પત્રકમાં કોઈ અધિકારીનો સહી સિકકો કે સંસ્થાનો સિકકો જણાય આવતો નથી તે વાત ખરી હોવાનું બીજા પક્ષકારે સ્વીકારેલું છે. બીજા પક્ષકારની વધુ ઉલટ મુલતવી રહયા બાદ બીજા પક્ષકાર વધુ ઉલટ માટે હાજર રહેલ નથી કે બચાવના કોઈ વધુ પુરાવા તેમણે આ કામે રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર ધ્વારા રજુ થયેલ પગાર બિલ, હાજરી પત્રક અને અન્ય દસ્તાવેજો જોતાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના સીધા કામદાર તરીકે કામ કરતા હતા તેવો કોઈ સબળ પુરાવો બીજા પક્ષકાર રજુ કરી શકેલા નથી. બીજા પક્ષકારે રજુ કરેલ નિ.–૧૧/૨, નિ.–૧૧/૩ અને નિ.–૧૧/૪ ના દસ્તાવેજોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પટ્ટાવાળા તરીકે કામગીરી કરતા હતા તેટલું જણાવવામાં આવેલું છે, સંસ્થાના કર્મચારી તરીકે કામ કરતા હતા તેવું સ્પષ્ટપણે જણાવવામાં આવેલું નથી. કોન્ટ્રાકટરના કર્મચારી તરીકે સંસ્થામાં કામ કરતી વ્યકિતને પણ ઓળખનો દાખલો સંસ્થા લખી આપી શકે છે. જેથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલિકના સંબંધ હોવાનું સાબિત થતુ ન હોઈ મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(સી)** બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હતા તેવું નિ.–૧૧/૨ થી નિ.–૧૧/૪ ના દસ્તાવેજો આધારે માનવામાં આવે તો પણ બીજા પક્ષકારની રજુઆત તેઓને તા.૦૧ /૦૫/૨૦૨૦ ના રોજથી પ્રથમ પક્ષકારે છુટા કરેલ તેવી છે. તા.૦૧/૦૫/૨૦૨૦ સુધી બીજા

પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ પર હતા તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો તેઓએ આ કામે રજુ કરેલો નથી. બીજા પક્ષકારે રજુ કરેલ હાજરી પત્રકની ઝેરોક્ષ ડિસેમ્બર–૨૦૧૯ સુધીની છે. જાન્યુઆરી–૨૦૨૦ થી મે–૨૦૨૦ સુધીના હાજરી પત્રકની કોઈ નકલ તેમણે રજુ કરેલ નથી જેની સામે પ્રથમ પક્ષકારે રજુ કરેલ નિ.–૧૫/૬ ના હાજરી પત્રકની ખરી નકલમાં આ કામના બીજા પક્ષકારનું નામ નથી. તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ ના સમયગાળાના પગાર બિલો પણ પ્રથમ પક્ષકારે નિ.૨૫/૮ થી રજુ કરેલ છે તેમાં પણ આ કામના બીજા પક્ષકારનું નામ નથી. જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં સંસ્થાના કામદાર તરીકે તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજ કામ પર હતા તેવું પુરવાર થતું ન હોઈ તા.૦૧/૦૫/૨૦૨૦ ના રોજ તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા કામ પરથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારે કોઈ છટણી કરેલી ન હોઈ આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ), (જી), (એચ) નું પાલન પ્રથમ પક્ષકારે કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જેથી મુદ્દા નં.–૨ અને ૩ નો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે.

**(૧૭)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

(૧) બીજા પક્ષકાર નો રેફરન્સ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૨૮.૧૦.૨૦૨૫.**
**સ્થળ : રાજકોટ.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નં.૩, રાજકોટ.**